**આઇસીએઆર, નવી દિલ્હી દ્વારા નિયુક્ત કરેલ Peer Review Team નવસારી કૃષિ યુનિવર્સિટીનું એક્રિડિટેશન કરવા આવનાર હોવાથી તૈયારીઓ કરવા બાબત**



## :: પરિપત્ર ::

નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તકના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તથા તમામ કોલેજના ડીનશ્રી/આચાર્યશ્રીઓ અને પોલીટિકનીકના આચાર્યશ્રીઓ, યુનિવર્સિટી અધિકારીશ્રીઓને જણાવવાનું કે નજીકના સમયમાં આઇસીએઆર, નવી દિલ્હી દ્વારા નિયુક્ત કરેલ **Peer Review Team** નવસારી કૃષિ યુનિવર્સિટીનું એક્રિડિટેશન કરવા આવનાર છે જેથી નીચે જણાવેલ વિગતોએ તાત્કાલિક તૈયારી કરવાની રહેશે. જે અંગે અત્રેથી ચકાસણી માટે નિયુક્ત કરેલ ટીમ દ્વારા ચકાસણી કરવામાં આવશે.

| | |
|---|---|
| ૧. | અનિવાર્ય કારણો સિવાય કોઇપણ કર્મચારી/અધિકારીશ્રીએ લાંબી રજા મુકવી નહીં. અનિવાર્ય સંજોગો ઉપસ્થિત થાય તો રજા મંજુર કરવા પૂર્વે આધાર પુરાવા સાથે અત્રેની અનુમતિ લેવાની રહેશે. |
| ૨. | નવસારી કૃષિ યુનિવર્સિટીની વેબ સાઇટ પણ મુકેલ તમામ માહિતી અપડેટ કરવાની રહેશે |
| ૩. | આઇસીએઆર ગ્રાન્ટમાંથી ખરીદ કરેલ સાધનો પર આઇસીએઆરના લોગો સાથેનું લેબલ અવશ્ય લગાવવાનું રહેશે |
| ૪. | દરેક સાધનની લોગબુક અવશ્ય નિભાવવાની રહેશે. |
| ૫. | દરેક પ્રયોગશાળામાં સાધનો ચાલુ હાલતમાં રાખવાના રહેશે. |
| ૬. | કેમ્પસ, કોલેજ, કચેરીઓ તેમજ હોસ્ટેલની રૂમો, મેસ, ટોયલેટ, કોમન રૂમ, રીડીંગ રૂમ તથા તેની આજુબાજુમાં સ્વચ્છતા જાળવવાની રહેશે. |
| ૭. | તમામ વિભાગો, પ્રયોગશાળાના બોર્ડનું નવીનીકરણ કરવું. |
| ૮. | તમામ લેકચર હોલમાં સ્વચ્છતા જાળવવી. લેકચર હોલમાં બ્લેક બોર્ડ, ઓડિયો વિઝ્યુઅલ સીસ્ટમ, ઈન્ટરેકટીવ બોર્ડ ચાલુ હાલતમાં રાખવા. લેકચર અંગેનું રજીસ્ટર તમામ એન્ટ્રીઓ સાથે તૈયાર રાખવું. |
| ૯. | હોસ્ટેલોમાં ગુજરાતી તથા અંગ્રેજી ન્યુઝપેપરો ચાલુ હશેજ જો ન હોય તો ચાલુ કરાવવા. |
| ૧૦. | કોલેજ તેમજ હોસ્ટેલના નોટીસ બોર્ડ પરની માહિતી અપડેટ રાખવી |
| ૧૧. | કોલેજ તેમજ યુનિવર્સિટી લાયબ્રેરીના રીડીંગ રૂમોમાં સુવ્યવસ્થિત બેઠક વ્યવસ્થા રાખવી તથા તેમાં સ્વચ્છતા રહે તેનું ધ્યાન રાખવું. |
| ૧૨. | સેલ્ફ સ્ટડી રિપોર્ટમાં દર્શાવેલ તમામ માહિતીનો રેકોર્ડ તથા રજીસ્ટરો તૈયાર રાખવા. |
| ૧૩. | દરેક કોલેજ ખાતે પીઆરટી સમક્ષ ડિસ્પ્લે માટેની જગ્યા નક્કી કરી તમામ તૈયારી કરવી. |
| ૧૪. | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે જરૂરી તમામ તૈયારીઓ રાખવાની રહેશે. |
| ૧૫. | જીમ્નેશીયમ તથા રમત ગમત મેદાન ખાતે જરૂરી તમામ તૈયારીઓ રાખવાની રહેશે. |

| | |
|---|---|
| ૧૬. | લાયબ્રેરીમાં તથા તમામ કોલેજોમાં વિદ્યાર્થીઓ માટેના કોમ્પ્યુટરો ઈન્ટરનેટ સાથે ચાલુ સ્થિતિમાં રાખવાના રહેશે. |
| ૧૭. | તમામ સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાના કલાસીસ ટાઇમ ટેબલ મુજબ લેવાય તેની ખાસ કાળજી રાખવી. |
| ૧૮. | નવસારી સિવાયના કેન્દ્રો ખાતે કેન્દ્ર કક્ષાએ એક સમિતિની રચના કરી બ્યુટિફિકેશની વ્યવસ્થા કરવાની રહેશે. |
| ૧૯. | તમામ વિદ્યાર્થીઓ/ વિદ્યાર્થીનીઓ તથા કર્મચારી, અધિકારીશ્રીઓએ યુનિવર્સિટી તરફથી આપવામાં આવેલ ઓળખ કાર્ડ સાથે રાખવો. |
| ૨૦. | તમામ પટાવાળા ભાઈઓ/બહેનો ગણવેશ સાથે કચેરીમાં આવે તેનું ધ્યાન રાખવું. |
| ૨૧ | તમામ વાહનો ચાલુ હાલતમાં તથા ઇંધણ પુરાવીને ડ્રાઈવર સાથે તૈયાર રાખવા. |
| ૨૨ | કોવીડ-૧૯ અંતર્ગત નામ. સરકારશ્રીની ગાઈડ લાઈન્સનું પાલન કરવાનું રહેશે. |

પ્રસ્તુત પરિપત્ર માન.કુલપતિશ્રીની આજ્ઞાનુસાર જારી કરવામાં આવે છે જેનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

જા.નં.નકૃયુ/રજી/પીએસઆર/૨૪૫૪-૫૦૩/૨૦૨૨
નવસારી તા.૧૯/03/૨૦૨૨

**કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**નકલ સવિનય રવાના જાણ તથા અમલ થવા સારૂં.**

૧. તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ
૨. તમામ કોલેજના ડીનશ્રી/ આચાર્યશ્રીઓ
3. તમામ યુનિટ/ સબ યુનિટ અધિકારીશ્રીઓ